# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

**રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪**
**CIN: U40102GJ2003SGC042908;**
**ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;**
**ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૬/ક્વા-૦૨/૨૦૨૩-૨૪/** ૨૯૪૧-૨ **તારીખ :** 17-08-23

**<u>રજી. એડી. પત્ર</u>**

**પ્રતિ,**
**શ્રી વિરલભાઈ ભરતભાઈ દુધાત્રા**
**"રામકૃપા" લાભદીપ સોસાયટી, શેરી નં. ૯/૧૦ કોર્નર, જીથરીયા હનુમાન મંદિરની પાછળ મવડી રોડ,**
**મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,**
**પીન કોડ. : ૩૬૦૦૦૪**
મોબાઈલ : [illegible]

**વિષય :** ટ્રાન્સફોર્મરની જગ્યા ફેરવવા અંગે.

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત તા. ૧૫-૦૭-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૬/ક્વા-૦૨/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ.

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

**બિડાણ : ઉપર મુજબ.**

**નકલ સાદર રવાના :**

**(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.**

**(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.**
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

**(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાવડી રાજકોટ શહેર.**

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૬/ક્વા-૨/૨૩-૨૪/ ૯૬૪૧ - ૨ તા. 17-08-23

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નૌટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર - ૦૬/ક્વા-૨/૨૩-૨૪, તા.૧૫-૦૭-૨૦૨૩

| | |
|---|---|
| અરજદાર | : શ્રી વિરલભાઈ ભરતભાઈ દુધાત્રા, ગામ : રાજકોટ |
| રજૂઆત કરનાર | : અરજદાર વતી તેના પ્રતિનિધિ શ્રી ભરતભાઈ વાઘજીભાઈ દુધાત્રા હાજર રહેલ છે. |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩ |
| રજૂઆત કરનાર | : શ્રી એમ.આર.માકડિયા, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ વિભાગીય કચેરી- શહેર-૩ રાજકોટ |

:: ફોરમ ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી.મકવાણા |
| ૨) સભ્ય (ટેકનીકલ) | - શ્રી આર.સી.પટેલ |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : તા.૦૩.૦૮.૨૦૨૩ (ગુરૂવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૩.૦૮.૨૦૨૩ (ગુરૂવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

:: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી વિરલભાઈ ભરતભાઈ દુધાત્રા વાવડી પેટાવિભાગીય કચેરી હેઠળ, અમૃત ઉદ્યોગનગર શેરી નં.૦૩, પ્લોટ નં ૪/4/A/C, અલ્પેશ રોડવેઝ પાસે, ગોંડલ રોડ પર ગ્રાહક નં. ૩૪૫૧૩/૨૬૯૯૮/૭ થી ૦૮ કીવોનુ થ્રી ફેઝ NRGP કનેક્શન ધરાવે છે. સદર જગ્યામાં પ્રવેશવાની જગ્યાના ગેઇટ પાસે પીજીવીસીએલ કંપનીનું ટ્રાન્સફોર્મર (T.C.) આવેલ તે ખુબ જ નડતરરૂપ હોય તે ટ્રાન્સફોર્મર (T.C.) ફેરવવા માટે તા.૨૯.૦૮.૨૦૨૨ ના રોજ વાવડી પેટાવિભાગીય કચેરીમાં લેખીત અરજી કરેલ ત્યારબાદ સદર કચેરીમાં અનેક વખત રજુઆત કરેલ કે સામેની જાહેર જગ્યામાં પર ટ્રાન્સફોર્મર (T.C.) ફેરવી આપવામાં આવે અને તેની સંપુર્ણ જવાબદારી અરજદારની રહેશે તેમછતાં અરજદારની કોઈ લેખીત કે મૌખિક રજુઆત કરવા છતાં કોઈ કાર્યવાહી થયેલ ન હોવાથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પત્ર નં -૩૨૯૯ તા.૩૧-૦૭-૨૦૨૩ થી જણાવેલ છે કે અરજદારશ્રી વિરલભાઈ ભરતભાઈ દુધાત્રા દ્વારા વાવડી પેટાવિભાગીય કચેરીમાં ઈન્વર્ડ નંબર ૩૨૮૬ તારીખ ૦૧.૦૯.૨૦૨૨૨ થી અમૃત ઉદ્યોગ શેરી નંબર ૦૩, અલ્પેશ રોડવેઝ પાસે, "શ્રી રામ" રાજકોટ ખાતે ટ્રાન્સફોર્મરની જગ્યા ફેરવવા અરજી કરેલ.

૩.૧ અરજદારની ઉપરોક્ત અરજી અન્વયે વાવડી પેટાવિભાગીય કચેરીના લાઈન ઇન્સ્પેક્ટર સર્વે કરવા તા.૦૬.૦૯.૨૦૨૨ ના રોજ ગયેલ ત્યારે અરજદારના પ્રતિનિધિ શ્રી ભરત વી. દુધાત્રા હાજર હતા અને તેઓ દ્વારા ઉપરી અધિકારી દ્વારા સર્વે કરવા જણાવેલ.

૩.૨ તા.૧૧.૧૦.૨૦૨૩ ના રોજ વાવડી પેટાવિભાગીય કચેરીના નાયબ ઇજનેર તેમજ જુનિયર ઇજનેર સાથે સર્વે કરવા ગયેલ ત્યારે અરજદારશ્રી હાજર હતા. ત્યારે અરજદાર દ્વારા સદર હયાત ટ્રાન્સફોર્મરને જે જગ્યાએ શિફ્ટિંગ કરવાનું જણાવેલ તે જગ્યા રોડ પછી હયાત બીજાના માલિકીના શેડ પાસે શિફ્ટિંગ કરવાનું હોવાથી અરજદારને રૂબરૂ જગ્યાના માલિકીની સ્ટેમ્પ ઉપર સહમતીનો જરૂરિયાત હોઈ જેથી ભવિષ્યમાં કોઈ તકરાર ઉભી ન થાય તે અંગે સહમતી રજુ કરવા જણાવેલ. પરંતુ અરજદાર દ્વારા સદર સહમતી રજુ કરેલ ન હોઈ જેથી વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રીને પત્ર નંબર ૧૬૨૬૯ તારીખ ૨૦.૧૨.૨૦૨૨ થી જાણ પણ કરવામાં આવેલ કે જગ્યાના માલિકીની સ્ટેમ્પ ઉપર સહમતીની જરૂરિયાત હોઈ જે અરજદારશ્રી દ્વારા રજુ કર્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૩.૩ વધુમાં વાવડી પેટાવિભાગીય કચેરીના જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૧૨ માં અરજદારશ્રી વોરા અંકુરભાઈ કેશુભાઈ દ્વારા સદર હયાત વિજજોડાણ વાળું વિજ કનેક્શન સૂચિત જગ્યામાં માંગણી કરેલ ત્યારે આજ વીજજોડાણ સેન્ટર ઉભું હતું અને તેમાં હયાત મુકેશભાઈ નરશીભાઈ પટેલ નામના બે વિજજોડાણો જેનો વિજભાર ૪૨ **KW** & ૭ **KW** એમ કુલ ૪૯ **KW** વિજભાર ૬૩ કેવીના હયાત વિજ ટ્રાન્સફોર્મર ઉભું થયેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૩.૪ ઉપરોક્ત ટ્રાન્સફોર્મરમાં જ અરજદારની સદર માંગણી વાળું નવું વિજજોડાણ ૪ **KW** નું એ-કેટેગરીમાં તા.૦૧.૧૧.૨૦૧૨ ના રોજ **PROFORMA-15** નંબર **RCC NO 488402** થી રીલીઝ કરાયેલ છે. જેના ગ્રાહક નંબર ૩૪૫૧૩/૨૬૯૯૮/૭ છે. આમ સદર વિજજોડાણો વખતે પણ હાલ હયાત વિજ ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભું જ હતું તેવું જોવા મળેલ છે.

૩.૫ તા.૧૫.૦૭.૨૦૧૫ ના રોજ વાવડી પેટાવિભાગીય કચેરી હેઠળ વોરા અંકુરભાઈ કેશુભાઈ માંથી સિંધવ ભગવાનજીભાઈ વિસાભાઈ નામે નામ બદલી માટે અરજી કરવામાં આવેલ ત્યારબાદ વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ અને વિભાગીય કચેરી દ્વારા **RCD-3/NT/REV/ACC/4277** તા.૨૨.૦૭.૨૦૧૫ થી એપ્રુવલ મોકલી અને આગળની જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ. વધુમાં સિંધવ ભગવાનજીભાઈ વિસાભાઈ દ્વારા સદર વિજજોડાણમાં લોડ વધારો ૦૪ + ૦૪ = ૦૮ **KW** બાબતે તા.૨૫.૦૮.૨૦૧૫ ના રોજ વાવડી પેટાવિભાગીય કચેરીમાં આવેલ જેના અનુસંધાને જરૂરી સર્વે કરવામાં આવેલ અને અંદાજપત્ર આપવામાં આવેલ જે અંદાજપત્ર તા.૧૩.૧૦.૨૦૧૫ ના રોજ ભરપાઈ કરેલ અને ટેસ્ટ રીપોર્ટ તા.૧૩.૧૦.૨૦૧૫ ના રોજ ભરેલ છે અને વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવેલ.

૩.૬ ત્યારબાદ તા.૨૪.૦૫.૨૦૨૨ ના રોજ વાવડી પેટાવિભાગીય કચેરી હેઠળ સદર હયાત વિજજોડાણમાં નામ ટ્રાન્સફર ભગવાનજીભાઈ વિસાભાઈ સિંધવ માંથી વિરલ ભરતભાઈ દુધાત્રા (ગ્રાહક નંબર ૩૪૫૧૩/૨૬૯૯૮/૭) માટે અરજી આવેલ જેના એસ.આર. નં- ૧૫૦૧૭૧૫૦ રસીદ નંબર **UF** ૨૧૨૮૨૩

તા.૨૪.૦૫.૨૦૨૨ છે. જે બાબતે જરૂરી એપ્રુવલ માટે વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા વિભાગીય કચેરીને મોકવામાં આવેલ અને જે એપ્રુવલ નંબર **RCD-3/NT/REV/352** તા.૦૪.૦૬.૨૦૨૨ થી વાવડી પેટાવિભાગીય કચેરીમાં મોકલાવવામાં આવેલ અને સદર બાબતે વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રીને જરૂરી અંદાજપત્ર આપવામાં આવેલ જેના નંબર ૬૫૪૬ તા.૦૨.૦૭.૨૦૨૨ છે. જે અરજદારશ્રી દ્વારા તારીખ ૦૭.૦૭.૨૦૨૩ ના રોજ રશીદ નંબર **UF** ૨૨૧૧૫૯ અને ૨૨૧૧૫૮ થી અંદાજપત્ર રકમ ૧૭૫૮ ભરપાઈ થતા નામ ટ્રાન્સફર કરવામાં આવેલ છે.

૩.૭ આમ સદર હયાત વિજજોડાણ તા.૦૧.૧૧.૨૦૧૨ ના રોજ વિજજોડાણ રીલીઝ કરવામાં આવેલ અને ત્યારે પણ સદર વિજ ટ્રાન્સફોર્મર હયાત હતુ. વધુમાં સદર વિજજોડાણ રીલીઝ જે હયાત વિજટ્રાન્સફોર્મર માંથી કરવામાં આવેલ તે વખતે જેમાં હયાત મુકેશભાઈ નરશીભાઈ પટેલ નામના બે વિજજોડાણો જેમાં ૪૨ **KW** માં લોડ વધારો આવેલ, જે હાલ ૧૦૦ **KW** નું છે અને સદર વિજજોડાણ વાળા શેડ પાસે અગલ ૧૦૦ કેવીએનું ટ્રાન્સફોર્મર ઉભું જોવા મળેલ છે. જે પહેલા હયાત વિજ ટ્રાન્સફોર્મર સેન્ટર માંથી અલગ કરી નવું કરેલ જોવા મળેલ છે અને વખતોવખત સદર વિજજોડાણ આપવામાં આવેલ ત્યારબાદ નવા વિજજોડાણો આવતા સદર વીજજોડાણ માંથી હળવા દબાણની નવી લાઈન કરી તેમાં નવા વિજજોડાણો આપવામાં આવેલ છે.

૩.૮ સદર જગ્યા પર અરજદારશ્રીની હાજરીમાં સ્થળ તપાસ કરવામાં આવેલ ત્યારે અરજદારશ્રી જે જગ્યા ઉપર સદર વિજ ટ્રાન્સફોર્મર સેન્ટર ફેરવવાનું જણાવેલ ત્યાં સામે બીજાની માલિકીના શેડ હોઈ જે બાબતે ભવિષ્યમાં કોઈ વાંધો ન તે અંગેનું સંમંતિપત્ર રજુ કરવા અરજદારને મૌખિક તેમજ લેખિત પત્ર નંબર ૧૬૨૬૯ તા.૨૦.૧૨.૨૦૨૨ થી જાણ કરેલ છે. વધુમાં અન્ય વિકલ્પ તરીકે સ્થળ ઉપર અરજદારશ્રીના હયાત વિજ જોડાણવાળા શેડ જ્યાં અરજદારશ્રી ને સદર વિજ ટ્રાન્સફોર્મર સેન્ટર નડતરરૂપ છે ત્યાં બાજુમાં બીજો શેડ પણ આવેલ છે ત્યાં સદર બે શેડ વચ્ચેની જગ્યામાં પણ સદર વિજ ટ્રાન્સફોર્મર શિફ્ટિંગ થઈ શકે તેમ છે જે અરજદારશ્રી દ્વારા જરૂરી સહમતી રજુ કર્યા બાદ જરૂરી અંદાજપત્ર આપવામાં આવશે જે ભરપાઈ કર્યા બાદ સદર વિજ ટ્રાન્સફોર્મર શિફ્ટિંગ બાબતે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી વિરલ ભરતભાઈ દુધાત્રા ૩૪૫૧૩/૨૬૯૯૮/૭ થી એન.આર.જી.પી. ટેરીફનું ૦૮ કીવોનું વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણ તા.૦૧.૧૨.૨૦૧૨ ના રોજ રીલીઝ થયેલ ત્યારે ૦૪ કીવોનો કરારીત વીજભાર હતો, જે માહે સપ્ટેમ્બર-ઓક્ટોબર-૧૫ ના બિલીંગ માસમાં ૦૮ કીવો કરારીત વીજભાર નોંધાયેલ છે. સદર વીજજોડાણમાં તા.૨૧.૦૮.૨૦૧૫ ના રોજ અંકુરભાઈ કેશુભાઈ વોરા માંથી ભગવાનજીભાઈ વિશાભાઈ સિંધવ નામ બદલી થયેલ છે, ત્યારબાદ ભગવાનજીભાઈ વિશાભાઈ સિંધવ ના નામ પરથી વિરલ ભરતભાઈ દુધાત્રાના નામે તા.૧૧.૦૭.૨૦૨૨ ના રોજ થયેલ છે.

૪.૨ અરજદારની ફરિયાદ મુજબ સદર તેઓની પ્રીમાઈસીસની આગળના ભાગે વીજ ટ્રાન્સફોર્મર આવેલ છે, જે ખુબજ નડતરરૂપ હોય, શિફ્ટિંગ કરવા તા.૨૯.૦૮.૨૦૨૨ ના રોજ વાવડી પેટાવિભાગીય કચેરીમાં અરજી આપેલ છે, તેમજ સદર બાબતે અનેક વખત મૌખિક રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી થયેલ ન હોવાથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ફરિયાદ નોંધાવેલ છે.

૪.3 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત મુજબ અરજદારની અરજી ઈન્વર્ડ તા.૦૧.૦૯.૨૦૨૨ અનુસંધાને ટ્રાન્સફોર્મરની જગ્યા શિફ્ટિંગ અન્વયે અરજદાર ગ્રાહકની હાજરીમાં કરાયેલ સર્વે મુજબ જે સ્થળ પર ટ્રાન્સફોર્મર શિફ્ટિંગ કરવાનું જણાવેલ છે, તે જગ્યા અન્ય માલિકીની જગ્યાના આગળના ભાગે શિફ્ટિંગ કરવાનું હોવાથી જે તે માલિકનું સ્ટેમ્પપેપર પર જરૂરી સમંતિ રજુ કરવા મૌખિક તેમજ લેખિત પત્ર તા.૨૦.૧૨.૨૦૨૨ ના રોજ જાણ કરવામાં આવેલ છે, જે અનુસંધાને સદર ગ્રાહક દ્વારા કોઈ પ્રત્યુતર કરાયેલ ન હોવાથી, સદર બાબતે કાર્યવાહી થયેલ નથી.

૪.૪ અરજદારનું સદર જોડાણ તા.૦૧.૧૧.૨૦૧૨ થી રીલીઝ કરવામાં આવેલ ત્યારે પણ સદર વિવાદિત ટ્રાન્સફોર્મર હયાત હતું.

ત્યારબાદ સદર વીજજોડાણમાં તા.૧૫.૦૭.૨૦૧૫ ની અરજી અન્વયે અંકુરભાઈ કેશુભાઈ માંથી ભગવાનજીભાઈ વિશાભાઈ સિંધવ નાં નામે નામ બદલીની કાર્યવાહી કરેલ, ત્યારબાદ સદર ગ્રાહક દ્વારા હયાત કરારીત વીજભાર ૦૪ કીવોમાં ૦૪ કીવોનો વીજભાર વધારો મેળવવા માટે તા.૨૫.૦૮.૨૦૧૫ ના રોજ અરજી કરેલ જે નિયમાધીન રીતે તા.૧૩.૧૦.૨૦૧૫ ના રોજ ટેસ્ટરીપોર્ટ રજુ થતા વીજભાર વધારો મંજુર કરેલ.

ત્યારબાદ સદર વીજજોડાણમાં ભગવાનજીભાઈ વિશાભાઈ સિંધવ નામ પરથી વિરલ ભરતભાઈ દુધાત્રાના નામે તા.૧૧.૦૭.૨૦૨૨ થી કરાયેલ છે.

૪.૫ પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત મુજબ અરજદારે તેઓની સદર સુચીત જગ્યામાં નવું વીજજોડાણ માંગેલ ત્યારે સદર વિવાદિત ટ્રાન્સફોર્મર માંથી એલ.ટી. લાઈન દ્વારા મુકેશભાઈ નરશીભાઈ પટેલના નામના ૦૨ વીજજોડાણ ૪૨ કીવો અને ૦૭ કીવો એમ કુલ ૪૯ કીવો સદર વિવાદિત ૬૩ કેવીએના વીજ ટ્રાન્સફોર્મરમાં વીજજોડાણ આપેલ હતા. ત્યારબાદ શ્રી મુકેશભાઈ નરશીભાઈ પટેલ દ્વારા વીજભાર વધારાની અરજી કરતા ૬૩ કેવીએમાંથી ૧૦૦ કેવીએ ટ્રાન્સફોર્મર ઓગમેન્ટેશન કરવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૬ આમ, ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા અરજદારની સદર સુચીત જગ્યાની આગળના ભાગે અન્ય અરજદાર ગ્રાહકોના વીજજોડાણ રીલીઝ કરવા માટે ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભું કરવામાં આવેલ છે, ત્યારે કોઈ વાંધા અરજી પીજીવીસીએલમાં રજુ થયેલ હોય તેવા આધાર-પુરાવા બન્ને પક્ષકાર દ્વારા રજુ કરાયેલ નથી.

૪.૭ સદર વીજજોડાણ તા.૦૧.૧૧.૨૦૧૨ નાં રોજ રીલીઝ કરવામાં આવેલ છે, હાલમાં સદર જગ્યાની માલિકી સદર ફરિયાદી અરજદાર વિરલ ભરતભાઈ દુધાત્રા ધરાવે છે. સદર ફરિયાદીની જગ્યાના આગળના ભાગે ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભું થયેલ છે, જે હાલમાં આવન જાવનમાં ખુબજ નડતરરૂપ હોવાથી શિફ્ટિંગ માટેની અરજી તા.૦૧.૦૯.૨૦૨૨ અન્વયે પીજીવીસીએલ દ્વારા જોઈન્ટ સર્વે મુજબ અરજદારને જે જગ્યાએ ટ્રાન્સફોર્મર શિફ્ટિંગ કરવા જણાવેલ છે, તે જગ્યાના માલિકનું સમંતિપત્રક રજુ કરવા પીજીવીસીએલ દ્વારા લેખિત પત્ર તા.૨૦.૧૨.૨૦૨૨ થી જાણ કરેલ છે, પરંતુ સદર ફરિયાદી અરજદાર દ્વારા લેખિતમાં કોઈ જવાબ રજુ કરેલ ન હોવાથી પીજીવીસીએલ દ્વારા કાર્યવાહી કરાયેલ નથી.

૪.૮ નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના ક્લોઝ નં ૪.૩૮ "The licensee shall not be held responsible for delay, if any, in extending supply if the same is on account of problems relating to right of way, acquisition of land, or delay in consumer's obligation over which licensee has no reasonable control.''(માર્ગનો હક, જમીન સંપાદન અને જેના પર પરવાનેદારનું વાજબી નિયંત્રણ ન હોય તેવી ગ્રાહકની જવાબદારીમાં થતાં વિલંબને લગતી સમસ્યાઓને કારણે પૂરવઠાના વિસ્તરણમાં કોઇ વિલંબ થાય તો તે માટે પરવાનેદાર જવાબદાર રહેશે નહીં.)

૪.૯ ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદારની સદર સૂચિત જગ્યાના આગળના ભાગે ટ્રાન્સફોર્મર ઉભું થયેલ છે જે અરજદારના વીજજોડાણ રીલીઝ થયા પહેલા ઉભેલું હતું, તેમજ અગાઉ કોઈ વાંધા અરજી કે જે તે સમયે સદર સૂચિત જગ્યાના માલિકની સમંતિ લીધેલ હોય તેવા આધાર-પુરાવા રજુ થયેલ નથી.

અરજદાર દ્વારા જે જગ્યાએ ટ્રાન્સફોર્મર શિફ્ટિંગ કરવા જણાવેલ છે, તે જગ્યાના માલિકનું સમંતિપત્ર અરજદાર દ્વારા રજુ કરેલ નથી.

૪.૧૦ અરજદારની ટ્રાન્સફોર્મર શિફ્ટિંગની માંગણી મુજબ ટેકનીકલી અનુરૂપ જગ્યા અરજદારે સામાવાળા સમક્ષ રજૂ કરીને બન્નેની સંમતિ હેઠળ નિર્ણિત કરવી પડે. ટ્રાન્સફોર્મર શીફ્ટીંગ હેઠળ જે તે ખર્ચની જોગવાઇ કાયદાની રૂએ અરજદારે ભરવાની સંમતિ દર્શાવવી પડે. જો સદર જોગવાઇ હેઠળ અરજદાર સંમતિ દર્શાવેતો પીજીવીસીએલ દ્વારા શિફ્ટિંગ ટકનીકલ બાબતો અને સલામતીને ધ્યાને રાખીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવતી હોય છે.

સદર ટ્રાન્સફોર્મર સામાવાળા દ્વારા અરજદાર અને અન્ય વીજગ્રાહકોને વિજપુરવઠો પૂરો પાડવા અર્થે મૂકવામાં આવેલ છે. સામેવાળાની રજૂઆત મુજબ અરજદારના સદર વીજજોડાણની બાજુમાં ૧૦૦ કેવીએના વીજટ્રાન્સફોર્મર હયાત છે. સદરકેસની સુનાવણી દરમ્યાન ફોરમમાં થયેલ નિષ્કર્ષ મુજબ અરજદારની રજૂઆત તેમજ સલામતીની બાબતોને ધ્યાનમાં રાખતા અરજદારની પ્રીમાઈસીસના દરવાજાની આગલા ઉભેલ વિવાદિત હયાત ટાન્સફોર્મરમાં જોડેલ વીજભાર અને તાંત્રિક બાબતોનો અભ્યાસ કરીને સદર ટ્રાન્સફોર્મર ખસેડવામાં આવે તો સદર વિજપૂરવઠો બાજુમાં આવેલ ૧૦૦ કેવીએના વીજટ્રાન્સફોર્મરની ક્ષમતા વધારીને તાંત્રિક રીતે શક્ય હોય તો જરૂરી ખર્ચની રકમ ભરપાઈ કરવાની અરજદાર દ્વારા લેખિતમાં રજૂઆત કરેલ છે, જેથી સદર કામગીરી અંગેનું જરૂરી ભાવપત્રક દિવસ-૧૫ માં અત્રેના ફોરમની જાણકારી હેઠળ અરજદારને આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે. વધુમાં ઉપરોક્ત મુદ્દા નં ૪.૮ મુજબ માર્ગનો હક, જમીન સંપાદન અને જેના પર પરવાનેદારનું વાજબી નિયંત્રણ ન હોય તેવી ગ્રાહકની જવાબદારીમાં થતાં વિલંબને લગતી સમસ્યાઓને કારણે અરજદારની વીજમાળખું ફેરવવા બાબતની અરજીના કામે કોઈ વિલંબ થાય તો તે માટે વીજકંપની જવાબદાર રહેશે નહીં.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: “જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫"